# ભાષા-પત્ર
## જુલાઇ ૨૦૦૬

ભાષા આંદોલનમાં જોડાયેલ પ્રિય મિત્ર,

આ પત્ર તમે વાંચશો ત્યારે હું પરદેશમાં હોઈશ. યુરોપમાં હૉલેન્ડ નામનો દેશ છે. જેને નેધરલેન્ડ્સના નામે પણ ઓળખવામાં આવે છે. તમને કદાચ યાદ હશે કે ત્યાંના એલચી શ્રી નીહે આપણી આદિવાસી અકાદમીની મુલાકાતે આવ્યા હતા. એમના દેશમાં લેઇડન નામની યુનિવર્સિટી છે. ત્યાં દક્ષિણ એશિયાના સામાજિક પ્રશ્નો વિશે ચર્ચાસત્ર યોજવામાં આવ્યું છે. જેમાં મારે ગુજરાતમાં થઇ રહેલા ભંડોળવાદના આક્રમણ વિશે લેખ વાંચવાનો છે. ત્યાર પછી હું ઓસ્ટ્રેલિયાની મુલાકાતે જવાનો છું. ત્યાંના ૩૦૦ જેટલા યુવા દાક્તરો ભેગા થઇને દુનિયાનાં પ્રકૃતિ અને સ્વાસ્થ્ય વિશે વિચારણા કરવાના છે. તેઓને માર્ગદર્શનરૂપી ભાષણ આપવા માટે મને નિમંત્રણ મળ્યું છે. ૭ જુલાઇના રોજ ઓસ્ટ્રેલિયાના પર્થ શહેરમાં મારે આ ભાષણ આપવાનું છે. ત્યાંથી પરત ફર્યા બાદ હું, એ ભાષણનો ગુજરાતી અનુવાદ તમને વાંચવા માટે જરૂરથી મોકલીશ પર્થમાં યોજાયેલ સંમેલન પછી મારે મેલબોર્ન શહેરમાં ઓસ્ટ્રેલિયાના મૂળ નિવાસીઓની મુલાકાત લેવાની છે. મેં સાંભળ્યું છે કે ત્યાંના ઘણાબધા પ્રશ્નો અને આપણી ત્યાંના ઘણાબધા પ્રશ્નો લગભગ સમાન જ છે. ખાસ કરીને ભણતરના ક્ષેત્રમાં ત્યાં અને આપણે ત્યાં વસતી આદિવાસી પ્રજાની પછાતપણાની પરિસ્થિતિ, તેમજ ભૂમંડલીકરણના કારણે થતાં નવાં નવાં આર્થિક આક્રમણોની સમાનતાને વધુ સારી રીતે સમજવાનો પ્રયત્ન કરવાની ઇચ્છાથી મેં મેલબોર્નની મુલાકાત ગોઠવી છે.

જૂન મહિનાની ૧૦મી તારીખે તેજગઢમાં બિરસા મુંડાના જીવન પર રચાયેલા નાટકનો પ્રયોગ આપણામાંથી ઘણાબધાએ જોયો. એ પ્રયોગ કરનાર સંસ્થાનું નામ છે 'ભારતીય જનનાટ્ય મંચ', અંગ્રેજીમાં 'ઇન્ડિયન પીપલ્સ થીયેટર એસોશિએશન'. આ મંચની સ્થાપના લગભગ ૬૦ વર્ષ પહેલાં મુંબઈમાં થઇ હતી, જેમાં પૃથ્વીરાજ કપૂર, રાજ કપૂર, કૈફી આઝમી, એ.કે. હંગલ અને હબીબ તનવીર જેવા વિખ્યાત નાટ્યકર્મીઓ સામેલ થયા હતા. દેશની ગરીબ અને શોષિત જનતાની સમસ્યાઓ વિશે સભાનતા ફેલાવવાનું કાર્ય આ મંચ કરતો હતો. આ મંચમાં સામેલ દરેક કલાકારે પોતાનો આર્થિક ફાળો આપી આ નાટ્યમંચને જીવંત રાખ્યો. આ મંચ દ્વારા અનેક શહેરોમાં હજારો નાટ્યપ્રયોગો રજૂ કરવામાં આવ્યા છે. એક સમયે કામદાર યુનિયન દ્વારા ચલાવાયેલું આંદોલન જોર પકડતું હતું ત્યારે આ નાટ્ય મંચે નાટકો દ્વારા એ આંદોલનને વેગ આપવાનું કાર્ય કર્યું હતું.

ઇતિહાસ વિશે વિચાર કરવા બેસીએ ત્યારે કેવા કેવા સામાજિક પ્રયોગો નજર સામે તરવરે છે ! જેઓના નામનો એક અક્ષર પણ ઇતિહાસમાં જોવા મળતો નથી એવી એવી વ્યક્તિઓ અને સંસ્થાઓએ નાનાં

નાનાં પગલાં ભરી ઇતિહાસની રચના કરી હોય એવું જોવા મળે છે. આપણે વિચારીએ કે, અત્યારે આપણું જે જીવન છે એની અંદર આવતા દરેક અનુભવો પાછળ એક લાંબો ઇતિહાસ હશે. દાખલા તરીકે જે બિયારણ આપણે વાપરીએ છીએ તે કોઈકે ક્યારેક બનાવ્યું હશે. આપણે જે વસ્તુઓ વાપરીએ છીએ તેનું ઘડતર કરવા માટે કોઇક મથ્યું હશે. આપણને જે સ્કૂલ કે કોલેજ જેવા સંસ્થાનોનો લાભ મળે છે, તેને ઘડવા પાછળ કોઇ અજાણી વ્યક્તિએ મહેનત કરી હશે. જે પુસ્તકો આપણને વાંચન માટે ઉપલબ્ધ છે તેને લખવા પાછળ કોઈકે આખી જિંદગી ખર્ચીહશે. તેઓનાં નામ ક્યાં છે? કોણ એમની સ્મૃતિને જીવંત રાખશે? આવા બધા વિચારો કરી તેઓએ કામ કરવાનું બંધ નથી કર્યું.

આપણે વિચારીએ, દુનિયામાં રોજેરોજ જાતજાતનું ઉત્પાદન થતું રહે છે. એક વ્યક્તિ વસ્તુનું ઉત્પાદન કરે છે, બીજી વ્યક્તિ વિચારોનું ઉત્પાદન કરે છે તો ત્રીજી વ્યક્તિ ઐતિહાસિક ઘટનાઓનું સર્જન કરી રહી છે. આ બધા જ મળીને દુનિયાનો રથખેંચી રહ્યા છે. એમના પરિશ્રમના આધારે આપણામાંના દરેકનું જીવન ચાલે છે. આવા પરિશ્રમી જીવોનાં સારાં કાર્યમાં વિઘ્ન નાખવાનું કામ પણ અમુક વ્યક્તિ કરતી રહે છે. એવી વ્યક્તિઓમાં, બીજાઓનું શોષણ કરવાવાળા, પોતાના પરિશ્રમની જવાબદારી બીજાઓ પર ધકેલવાવાળા, બીજા કશુંક પ્રાપ્ત કરે તો તેઓનો દ્વેષ કરવાવાળા પણ આ સમાજમાં જોવા મળે છે. આવા લોકો સમાજનો રથવિરુદ્ધ દિશામાં ખેંચવાનું કામ કરે છે. તેઓને શું આનંદ મળતો હશે, હું જાણતો નથી. પણ આવા પ્રકારની વ્યક્તિઓ હોય છે ખરી.

હવે આપણી જવાબદારી એ નક્કી કરવાની છે કે આપણે સમાજનો રથઆગળ ખેંચવો છે કે પાછળ ખેંચવો છે ? ઇતિહાસની ગાડી પાટા પરથી ઊતારવી છે કે પછી પાટા પરથી ખસી ગયેલી ગાડી ફરીથી પાટા ઉપર ચડાવવી છે ? બીજા શબ્દોમાં કહું તો આપણે બધા ઇતિહાસની તરફેણમાં છીએ કે ઇતિહાસની વિરુદ્ધમાં છીએ ? એ નક્કી કરવાનું રહ્યું. આપણે પ્રગતીની તરફેણમાં છીએ કે અપ્રગતીની તરફેણમાં છીએ ? એ પણ નક્કી કરવાનું રહ્યું.

તમે પૂછશો કે પ્રગતીની તરફેણમાં રહેવું એટલે શું ? મારા એક ઓળખીતાં બહેન એક દિવસ મારી પાસે આવ્યાં. એ ખૂબ આનંદમાં હતાં. તેઓએ કહ્યું કે મારા દીકરાએ ખૂબ સારી પ્રગતી કરી છે. મેં પૂછ્યું કે, તમારો દીકરો શું કરે છે ? તેઓનો જવાબ હતો કે, એ હાઇસ્કૂલમાં શિક્ષક બની ગયો છે. એને સારો પગાર મળવાની શરૂઆત થઇ છે. બહેને એવું પણ કહ્યું કે નોકરી મેળવતાં બહુ જ મુશ્કેલી પડેલી. અમુક મોટી રકમ પણ ચૂકવવી પડેલી. મેં પૂછ્યું કે એટલા નાણાં ક્યાંથી આવ્યાં ? બહેને જવાબ આપ્યો, હાલ પૂરતા ઉછીના લાવ્યા છીએ. પણ હવે દીકરો ધીમે ધીમે ટ્યૂશન પણ કરશે. જેથી ૫-૬ વરસમાં આ નાણા પરત આપી શકાશે. મેં પૂછ્યું કે ટ્યૂશન માટે કેવા વિદ્યાર્થીઓ આવશે ? એ બહેને તરત જ જવાબ આપ્યો કે હવે પરીક્ષાના પેપર્સ તપાસવાનું કામ તો મારો દીકરો જ કરશે ને ?અને બાળકોને અને તેના વાલીઓને ખબર પડી જાય તો એ ટ્યૂશન કરવા માટે મારા દીકરાં પાસે જ આવવાનાને? પ્રગતી! આને એ બહેન પ્રગતી માને છે !

થોડું વિચારીએ કે સ્કૂલમાં ભણાવવા માટે જે શિક્ષકની નિમણૂક કરવામાં આવી છે એ સ્કૂલના સમયમાં બાળકોને નહીં ભણાવે અને એ જ ભણતર સ્કૂલ ઉપરાંતના સમયમાં આપે એવા શિક્ષકને પરિશ્રમી શિક્ષક કહીશું કે સ્વાર્થીશિક્ષક ? અને જે બાળકો એમની પાસે ભણે છે એ પ્રામાણિકતાથી પરીક્ષા પાસ કરશે ખરાં ? અને અપ્રામાણિકતાથી પરીક્ષા પાસ કરી હોય એવાં બાળકો સમાજને ઉપયોગી કામ કરી શકશે ? આ પ્રશ્નોના ઉત્તર આપવાની જરૂર નથી. આ બહેને જેને પ્રગતી ગણી છે એ ખરેખર તો એમણે અપ્રગતીની દિશામાં લીધેલું મોટું પગલું છે. સમાજમાં ચારે બાજુ અપ્રગતીની દિશામાં નીકળેલા ઇતિહાસ વિરોધી વ્યક્તિઓની ભીડ છે. એમાંથી ભાગ્યે જ થોડાઘણા પ્રગતીનો સાચો વિચાર કરી રહ્યા છે. આ થોડાઘણા પણ સમાજમાં જે દુષિત વિચારો ફેલાયેલા છે તેથી નાઉમેદ બની જાય છે અને તેઓની ધીરજ ખૂટી પડે છે. પછી ધીમે ધીમે એ પણ અપ્રગતિના પ્રવાહમાં જોડાઈ જાય છે. એવા અપ્રગતીશીલ લોકોનો સમુહ વધતો જાય છે ત્યારે સમાજહીત, દેશહીત અને વિશ્વહીતના વિચારો બાજુ પર મૂકવામાં આવે છે.

વૈશ્વિકરણમાં થતા નવા આર્થિક પ્રયોગો આ પ્રકારે અપ્રગતીના પ્રયોગો છે. આપણને વૈશ્વિકરણના પ્રભાવ હેઠળ વિશાળ રસ્તાઓ અને રૂપરંગવાળાં મકાનો જોવા મળે છે. એવા પણ સમાચાર સાંભળવા મળે છે કે શેર બજારમાં મોટો ઉછાળો આવ્યો. પરંતુ આવા ઉછાળાને પ્રત્યક્ષ ઉત્પાદન સાથે કોઇ સીધો સંબંધ હોતો નથી. નાના ભંડોળવાદીઓ એકઠા થઇ મોટા ભંડોળવાદીઓ થવાની હરિફાઇનું નામ છે શેર બજાર. પરિશ્રમ વગર પૈસા કમાવાનો સિદ્ધાંત આ બજારે સ્વીકારેલો છે. આપણું હાટ, જે શનિવારે છોટા ઉદેપુરમાં જોવા મળે છે, ત્યાં દરેક વ્યક્તિ પોતે ઉત્પાદન કરે છે અને તે સામગ્રીનું વેચાણ કરે છે. એ હાટ અને આજના વૈશ્વિકરણની અસરમાં ફેલાતા જતા માર્કેટ વચ્ચે ઘણો મોટો તફાવત છે. આ નવા માર્કેટમાં ઉત્પાદકને સ્થાન નથી, એની કશી કિંમત નથી. તેથી જ તો આંધ્રપ્રદેશ અને મહારાષ્ટ્રમાં ખેડૂતો ગળાફાંસો ખાઇને આત્મહત્યા કરી રહ્યા છે.

આ નવા માર્કેટનાં મૂલ્યો છે : નફો, સૌથી મોટું મૂળ. આળસ, એ પણ એટલું જ મોટું મૂળ. શોષણને આ માર્કેટ ગુણ માને છે અને પરિશ્રમને આ માર્કેટ અપ્રગતી માને છે.

પ્રગતીનો રસ્તો કયો છે અને અપ્રગતીનો રસ્તો કયો છે, તેનો વિચાર હું તમારા ઉપર છોડું છું. આપણે જે અનાજ બેંકોની રચના કરી છે તે ગામની બહેનો સુધી પ્રગતીનો વિચાર પહોંચાડવાનો સૌથી અસરકારક રસ્તો છે. બહેનો પરિશ્રમનું મૂલ્ય સમજવા લાગે અને પછી એ પોતાના બાળકોને સમજાવે તો એવા, પરિશ્રમનું મૂલ્ય સમજેલાં બાળકો પોતાનું તેજ ટકાવી શકશે. બહેનો પોતાના પતિને અપ્રગતીના રસ્તે નહીં દોરે તો તે કદાચ ખોટા રસ્તે નીકળ્યા હોય તો પાછા વળશે. હું માનું છું કે વૈશ્વિકરણમાં તૈયાર થતાં માર્કેટ મૂલ્યો સામે સંઘર્ષ કરવો હોય તો તે ભારતમાં માત્ર સ્ત્રીઓ જ કરી શકશે. તેઓમાં હજી પણ સચ્ચાઇ જીવે છે. તેઓમાં આત્મબળ પણ છે. એટલે આપણામાં આત્મનિર્ભરતા લાવવા માટે આપણે બહેનો પાસેથી કશુંક શીખવું પડશે. અને અનાજ બેંકના છોકરાં પણ આપણને શક્ય બનશે.

આપણી સંસ્થામાં બહેનોની સંખ્યા વધારવી જોઈએ. ખાસ કરીને મારે લખવું છે કે અનાજ બેંક એ મુખ્ય રૂપમાં આર્થિક પ્રયોગ નથી. એ સામાજિક પ્રયોગ છે અને એ પ્રયોગનું પૂરતું રહસ્ય જાણવા માટે આપણે સાચી પ્રગતી શું છે તે જાણવું ખૂબ જ જરૂરી છે.

તમારા કાર્યમાં તમને યશ મળતો રહે એવી ઈચ્છા સાથે,

ગણેશ દેવી